જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૧૨/૨૦૧૬ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૬૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી ૨૮૩ લીટર દેશી દારૂ, ૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૮ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૫,૩૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૬૯/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૨૭૦/૧૬

**રામોલઃ** કુનાલભાઈ શ્યામભાઈ રોય (રહે.દેવનંદન સુપ્રીમસ શ્રીશરણ રેસીડેન્સીની સામે આર.એ.એફ.કેમ્પ રોડ વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૧૨/૧૬ કલાક ૮/૦૦ થી રાતના ૮/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના નકુચા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના-ચાંદીના દાગીના મળી કુલ કિમત રૂપિયા ૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી કે એન લાઠીયા ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૨૭૧/૧૬

**ઈસનપુરઃ** પ્રકાશભાઇ ગોવિંદભાઇ ચાવડા (રહે. શ્રી હરી એપાર્ટમેન્ટ રવિનગર સ્કુલ રોડ, જીવરાજ પાર્ક વેજલપુર) એ તા.૭/૧૨/૧૬ નારોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ઇસનપુર નારોલ હાઇવે આનંદ હોટલ પાસે, પટેલ એસ્ટેટમાં સાથે નોકરી કરતો આરોપી રાજેશભાઇ અર્જુનભાઇ જોગાણી(રહે.રામદેવપીરની ચાલી, કારેલીબાગ વડોદરા) તા.૨/૯/૧૬ બપોરના ૧/૦૦ થી તા.૩/૯/૧૬ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન ચાવી વડે ગોડાઉનના તાળા ખોલી એલઈડી બલ્બના બોક્ષ નંગ-૧૨૩ (એલઈડી બલ્બ કુલ-૬૧૫૦) કિમત રૂપિયા ૪,૯૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી કે એન લાઠીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**એલીસબ્રીજ:** બિનલબેન વા/ઓ સંદિપભાઇ શાહ (રહે.સાગ્રીલા-૧ થલતેજ) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૧૨/૧૬ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે નહેરૂનગર સર્કલથી આંબાવાડી સર્કલ વચ્ચે આવેલ સમીર કોમ્પ્લેક્ષની ખોડીયાર કીરાણા સ્ટોર નામની દુકાન આગળથી કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષોએ ઈશારો કરતા બિનલબહેને કારના દરવાજાનો કાચ નીચે ઉતારતા પુરૂષોએ કહ્યુ કે તમારૂ કઈંક પડી ગયુ છે. જેથી બીનલબહેન ગાડી ઉભી રાખી જોતા હતા દરમ્યાન ગાડીમાંથી પર્સની ચોરી કરી બન્ને પુરૂષો મોટર સાયકલ લઈ ભાગી ગયા હતા. જે પર્સમાં રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- અને જરૂરી દસ્તાવેજ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી ડી ડી વસાવા ચલાવે છે.

<u>વાહન ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૨૭૨/૧૬</u>

**શાહીબાગઃ** પ્રહલાદભાઇ મોહનભાઇ પરમાર (રહે.હંસપ્રતાપ સોસાયટી શાંતમ ટાવર સામે શાહીબાગ) એ તા.૬/૧૨/૧૬ રાતના ૧૦/૩૦ વાગે રહેણાંક નજીક પોતાની ફોક્સ વેગન કંપનીની કાર નંબર જીજે ૧ આરસી ૦૨૬૯ કિમત રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૭/૧૨/૧૬ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ પ્રહલાદભાઇ પરમારે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે એલ ચૌહાણ ચલાવે છે.

<u>દાઝી જતા મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૨૭૩/૧૬</u>

**બાપુનગરઃ** હેમલતા વા\ઓ અલ્પેશભાઇ હેડાઉ (ઉ.વ.૩૦) (રહે.ચામુડાનગર કૃષ્ણ વિદ્યાલય સામે બાપુનગર) તા.૩૦/૧૧/૨૦૧૬ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામાં પ્રાઇમસ સળગાવવા જતા ભડકો થતા શરીરે દાજી ગયા હતા. સારવાર માટે શારદાબેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં તા.૭/૧૨/૧૬ કલાક ૬/૫૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગોવિંદભાઇ જીવાજી ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** સુરજમલ ધનરાજભાઇ રોત (ઉ.વ.૨૫) (રહે.આકાશગંગા એપાર્ટમેન્ટ ઘાટલોડીયા) નો પુત્ર સાન (ઉ.વ.૪) તા.૨૨/૧૧/૧૬ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રમતાં-રમતાં ગરમ પાણીના તપેલામાં પડતાં દાઝી ગયો હતો. સારવાર માટે વા.સા.હોસ્પીટલ દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તા.૭/૧૨/૧૬ કલાક ૧૦/૩૦ વાગે સારવાર દરમ્યાન તેનુ મૃત્યુ નિપજયું હતુ.આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કમલેશભાઈ કાળાભાઈ ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૨૭૪/૧૬</u>

**ઓઢવઃ** ભગવાનભાઇ ધર્માજી માલવી (ઉ.વ.૪૫) (રહે.શ્યામસુદર ફલેટ છોટાલાલની ચાલી ઓઢવ) એ ઘરની આર્થિક પરીસ્થિતિ સારી ન હોય અને એક મહિનાથી કોઇ કામ ધંધો ન મળતા તા.૭/૧૨/૧૬ કલાક ૧૨/૦૦ થી બપોરના ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાવજીભાઇ ભીમાજી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**રિવરફ્રન્ટ વેસ્ટઃ** સુજીતકુમાર દિનેશભાઈ પરમાર (ઉ.વ.૨૭) (રહે. શંકરદાસની ચાલી, પોસ્ટ ઓફીસ સામે, રાજપુર, ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૭/૧૨/૧૬ કલાક ૧૨/૧૫ વાગ્યા પહેલાના કોઈપણ સમયે એલીસબ્રીજ સાબરમતી નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી યોગેન્દ્રસિંહ દિલીપસિંહ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)